# ૩ થી ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ માટેના વાલીશિક્ષણ કાર્યક્રમનો વિકાસ

## DEVELOPMENT OF PARENTAL EDUCATION PROGRAM FOR HOLISTIC DEVELOPMENT OF CHILDREN WITH AGE OF 3 TO 6 YEARS


**સંશોધક**

**પાનવાલા જીગીષા એચ.**
**UID NO.P101000023**
**(M.Com., M.Ed., GSET)**
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર

**માર્ગદર્શકશ્રી**
**ડૉ. નીલેશ એસ. પંડ્યા**
**આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર**


**અભ્યાસનો સાર :**


1. વાલીશિક્ષણ કાર્યક્રમમાં વાલીઓને પ્રવૃત્તિઓ દ્વારા શીખવા માટે તૈયાર કરવાનું અને શીખવવાનું કામ પડકારરૂપ હતું, પરંતુ તે કામ સફળતાપૂર્વક થઇ શક્યું હતું.
   વાલીશિક્ષણ કાર્યક્રમના વિકાસ માટે નીચેના જેવાં સોપાનને અનુસરવાથી ગુણવત્તાસભર કાર્યક્રમ તૈયાર થઈ શકે છે.
   ૧. વિષયના સાહિત્યની સમીક્ષા, આયોજન અને વિષયવસ્તુ વિશ્લેષણ
   ૨. કાર્યક્રમની પ્રાથમિક માળખાની રચના અને પ્રારંભિક અજમાયશ
   ૩. સુધારણા(પ્રાથમિક સ્વરૂપ)
   ૪. કાર્યક્રમની વિષયવસ્તુ અને તેને અનુરૂપ પ્રવૃત્તિઓનું યથાર્થીકરણ અને તે આધારિત સુધારણા (દ્વિતીય સ્વરૂપ)
   ૫. વ્યવહારિક અમલીકરણ(પ્રયોગીકરણ) અને તે આધારિત સુધારણા (અંતિમ સ્વરૂપ)
   ૬. કાર્યક્રમ ઉપયોગ અંગેની માર્ગદર્શિકા
2. વાલીશિક્ષણ માટેનો પ્રવૃત્તિ આધારિત કાર્યક્રમ ગુણાત્મક અને સંખ્યાત્મક બંને રીતે અસરકારક સિદ્ધ થયો હતો.
3. વાલીઓને પ્રવૃત્તિઓ દ્વારા શીખવતા વાલીઓમાં બાળઉછેર અંગેની સમજમાં વધારો થઈ શક્યો છે. ઉપરાંત, તેઓમાં ચિંતનશીલતા, સમીક્ષાત્મક વિચાર અને બાળઉછેર વિષય પ્રત્યેના ગમા–અણગમામાં હકારાત્મક પરિવર્તન આવ્યું હતું.

4. વાલીશિક્ષણ કાર્યક્રમમાં વાલીઓની સહભાગિતા ઉપયોગી બની રહે છે. વાલીઓના અનુભવો અને સમકાલીન પરિસ્થિતિ અંગેના અનુભવોના લીધે આ વિષયનું અધ્યાપન અભ્યાસક અને વાલી માટે અત્યંત મહત્ત્વનું રહ્યું.
5. આ વાલીશિક્ષણ કાર્યક્રમ દ્વારા વાલીઓને શીખવવા માટેની અસરકારક સામગ્રી અને પ્રયુક્તિઓ ઉપલબ્ધ થઈ છે.
6. સંશોધક અને વાલી બંનેના બાળઉછેર અંગેના જ્ઞાનમાં નોંધપાત્ર પરિવર્તન અનુભવાયાં છે.
7. સંશોધન દ્વારા તૈયાર થેયેલો વાલીશિક્ષણ કાર્યક્રમ વાલીઓમાં નીચે પ્રમાણેનાં વૈવિધ્ય પ્રવર્તતા હોવા છતાં સમાન રીતે અસરકારક રહ્યો હતો.
    ૧. વાલીઓના શિક્ષણનું પ્રમાણ
    ૨. વાલીઓની જાતિ
    ૩. કુટુંબનો પ્રકાર
    ૪. માતાપિતાની સાંવેગિક બુદ્ધિ
    ૫. માતાપિતાનો વ્યવસાય
8. વાલીશિક્ષણ કાર્યક્રમના અમલીકરણ અંગેના વાલીઓના અનુભવો ઘણા પ્રોત્સાહક હતા. આ પ્રકારના કાર્યક્રમનો અમલ કરનાર તજજ્ઞએ શીખવામાં સુગમતા કરી આપનાર અને પ્રોત્સાહક તરીકેની ભૂમિકા ભજવવાની થાય છે.
9. વાલીશિક્ષણ કાર્યક્રમમાં વર્ગખંડમાં હળવું, તણાવમુક્ત અને અધ્યયનને પોષક વાતાવરણનું નિર્માણ શક્ય બન્યું હતું. જે આ કાર્યક્રમની વિશેષ બાબત સિદ્ધ થઈ હતી.
10. વાલીશિક્ષણ કાર્યક્રમને કારણે વાલીઓની વૈચારિક ક્ષમતા, વિષયનો જીવનાનુબંધ અને આત્મવિશ્વાસમાં પણ નોંધપાત્ર વધારો દેખાયો હતો.